M K

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૫ • અંક ૧૨ • સળંગ અંક ૫૮ • મુંબઈ • સપ્ટેમ્બર, ૨૦૧૧ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

**પ્રત્યેક સુર્યાસ્ત નવું અંધારું મૂકતો જાય છે.**

**પ્રત્યેક સૂર્યોદય નવું અજવાળું લેતો આવે છે.**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે કે...

'જરૂરિયાતમંદને મદદ કરવા લંબાએલ એક હાથ પ્રાર્થના કરવા જોડાયેલ બે હાથ કરતા વધારે સાર્થક છે.'

ધરતી પર કે વિશ્વમાં પ્રત્યેક માનવીમાં કોઈ ને કોઈ ખાસિયત હોય છે, આવડત હોય છે પછી ભલે એ નગણ્ય કે મામૂલી વ્યક્તિ હોય. દરેક પાસે પોતાની એક જીવન દૃષ્ટિ હોય છે. જીવનને ઉન્નત બનાવવાની ચાવી માનવી પશુ, પક્ષી કે કુદરત પાસેથી પણ પ્રાપ્ત થઈ શકે છે, જે તમને પ્રાણવાન કે પ્રેરણામય બનાવવા ઉપયોગી થઈ શકે છે ! તમારી પાસે તે સમજવાની, જાણવાની અને ભાષા કે સંકેતને ઊકેલવાની બુદ્ધિ કે દૃષ્ટિ હોવી જોઈએ.

આવો આપણે એવા સમાજનું નિર્માણ કરીએ જ્યાં માત્ર પટણીઓ એકમેકને મદદ કરવા, રક્ષણ કરવા એને પગભર કરવા અને એનો ઉત્કર્ષ સાધવાના પ્રયાસોમાં સદા રત અને નિમગ્ન રહે. એકતા અને અખંડિતતાનો પરિચય આપવા પ્રગાઢ કૌટુંબિક સૂત્રમાં બંધાયેલા રહે. વ્યવહાર અને વર્તનને ઈમાનદારીપૂર્વક અપનાવે અને મતભેદ કે સ્વાર્થને વિસારી દે.

આપણે શતાબ્દી વર્ષ પરત્વે અવિરત અને સતત વિચાર-વિમર્શ કરી રહ્યા છીએ. આજની વિષમ પરિસ્થિતિમાં જીવન-નિર્વાહ કરવો મુશ્કેલ બની રહ્યો છે. આર્થિક, સામાજિક કે રાજકીય હાલત દિન પ્રતિદિન વણસતી જાય છે. આપણી સંસ્થા થકી જરૂરતમંદ વિદ્યાર્થીઓએ સહાય અને સ્કોલરશિપ શિષ્યવૃત્તિ મેળવી જીવનનું ઘડતર કર્યું છે. દેશ-પરદેશમાં રહી ધન, કિર્તી અને નામના પ્રાપ્ત કરી છે. તેમના સંતાનો પણ સુખની જિંદગી જીવી રહ્યા છે. આર્થિક રીતે નબળા હોનહાર બાળકોને ઉચ્ચ શિક્ષણ મેળવવાનું એક સ્વપ્ન બની રહે છે. જિંદગીથી હારી કે થાકી જાય છે. આવી પરિસ્થિતિથી બચવા આવો આપણે બનતી ત્વરાએ યથાશક્તિ તન, મન અને ધનથી સંસ્થા અને સમાજની અને સમાજના સભ્યોની આર્થિક, શૈક્ષણિક, દવાકીય રાહત તથા વિવિધ ક્ષેત્રે પ્રગતિ માટે સહાય કરીએ.

સરતી સંપત્તિ, ઢળતી જિંદગીમાં મોડું થાય તે પહેલાં ચાલો જીવનના સત્ય અને સત્ત્વને અમલમાં મૂકીએ. કાલે કદાચ માનવ જન્મ મળે કે ના મળે ! આ ભવમાં વાવેલું હશે તો પરભવમાં પામી શકાશે ! સમજદાર કો ઈશારા કાફી હૈ !

ઘર્ષણ ટાળી સંવાદિતા સ્થાપવાની નીતિને પ્રાથમિકતા મળે એ આજના યુગની માંગ છે. આપણી એકતા અને વિચાર શ્રેણીમાં સામંજસ્ય હશે તો તમામ પડકારો અને આહ્‌વાનો અને પ્રતિકૂળતાઓનો સામનો કરવા આપણે સક્ષમ અને સતર્ક રહીશું. વણસેલી પરિસ્થિતિને માટે આપણી વિચાર-શ્રેણીને, માન્યતાઓને અને કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર કાર્યપદ્ધતિને બદલવાની તાતી જરૂર છે. આપણી વ્યક્તિગત માન્યતાની મૂડીને વિસરી જઈ, સહિયારી માન્યતાની મૂડી પ્રતિ વળવાની જરૂર છે. સહિયારાપણાની ભાવનાને, સંઘભાવનાને મહત્ત્વ અને પ્રાધાન્ય આપવાની નીતિને હૃદયથી અપનાવવાની તાતી ને પ્રબળ આવશ્યકતા છે.

આપણો સમાજ

### સહ અસ્તિત્વ થકી ભ્રાતૃભાવનાને દૃઢ બનાવીએ

આપણે આર્થિક રીતે સાધન સંપન્ન હોઈએ તો આપણા નાણાકીય સ્રોતનો ઉપયોગ નબળી આર્થિક પરિસ્થિતિવાળા પટણી પરિવારોના હિતમાં કરીએ. આપણે વ્યવસાયમાં ઉન્નતિ સાધી હોય તો અન્ય પટણીઓને વ્યવસાયમાં ઉન્નતિ સાધવામાં મદદ કરીએ અને સહાયભૂત થઈએ. આપણે શિક્ષણ ક્ષેત્રે યશસ્વી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો અન્ય શિક્ષણોન્મુખ પટણી વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા મદદગાર બનીએ. નબળી અને સાધારણ આર્થિક પરિસ્થિતિવાળા કુટુંબીઓને નોકરીએ લગાડીએ અથવા તેમને વ્યવસાયીક ઉચિત માર્ગદર્શન આપીએ !

સુધરેલો અને forward દેખાવા જઈ રહ્યો છે ત્યારે શિક્ષિત અને અશિક્ષિત વચ્ચેનો ભેદ આપણા ધ્યાન બહાર ન જ રહી શકે. વ્યવહારિકતા અને વૈમનસ્યતા ને સ્નાન-સૂતકનો સંબંધ પણ હોતો નથી. સર્જનહારના સનાતન સત્યનો એનાથી હ્રાસ થાય છે અને પ્રતિકૂળતાનું સામ્રાજ્ય સર્જાય છે. પ્રેમના નિરંતર વહેતા ઝરણામાં આપણે કાંકરીચાળો કરી અમસ્તા વમળ પેદા કરીએ છીએ. નાહકના ઝગડા, ટંટા, ફરિયાદ આપણે પોતે જ ઊભા કરીએ છીએ. આપણે દુ:ખી થઈએ છીએ અને અન્યોને દુ:ખી કરીએ છીએ. ક્ષણાર્ધ માટે વિચારીએ કે ઈશ્વર સાથે આપણે ક્યા તાંતણે બંધાયેલા છીએ અથવા તો પછી આપણી આસપાસ વિશ્વ અને જીવનમાં થતી ક્રિયા-પ્રક્રિયાઓનું ચક્ર કોણ પ્રતિમાન રાખે છે! આપણી વાણી અને વર્તન આ અગમ્ય સ્રોત સાથેના સગપણ અને સ્વાર્પણનો આયનો નથી લાગતો? પડછાયાની બહાર નીકળીએ તો અજવાળું આપોઆપ દેખાશે.

શંકા અને અવિશ્વાસની નજરથી આપણે એકમેકને નિહાળીએ છીએ તેથી આપણે આપણી જાતને જે હાંસીપાત્ર બનાવીએ છીએ. આપણે વાસ્તવિકતા સમજવાની ક્ષમતા ચોક્કસપણે ધરાવીએ છીએ માટે ચારિત્ર હનનની વાત કરવી યોગ્ય નથી જ! આચારસંહિતા તથા ઉચિત-અનુચિતની ભેદરેખા ને સમજી સંસ્થા અને સમાજ પ્રત્યે સમર્પિત બનવાની ભાવના કેળવીએ એ શું વર્તમાનનો તકાદો નથી! જરા વિચારી જો જો!

**પરામાં સંસ્થાની સામાન્ય સભા :**

પ્રત્યેકની જિંદગીમાં ઉતાર-ચઢાવ આવ્યા જ કરે છે. સંસ્થાની ગતિવિધિ તેમાં અપવાદ હોઈ શકે નહિ. આ સઘળાનો આધાર આપણી વિચારસરણી પર રહેલો છે. છેલ્લા કેટલાક સમયથી આપણી સંસ્થાના મુંબઈના પરામાં વસતા સભ્યોની એક એવી માગણી છે કે સંસ્થાની સામાન્ય સભા પરામાં પણ ક્યાંક ગોઠવવી જોઈએ. ગોરેગામ, પાર્લા, અંધેરી તથા બોરીવલીમાં આપણા ઘણાં પરિવારો વસે છે. આ બાબતમાં મારે જણાવવાનું કે અમો ચોક્કસપણે વિચાર-વિમર્શ કરી તેનો નિર્ણય લઈશું.

જીવનોપાસના અને જીવનોપાર્જન તરફ અવગણના, અનાદર કે ઉપેક્ષા આપણને ક્યાંયના નહીં રહેવા દે. એકલા હશો, એકલા રહેશો કે એકલા જીવશો તો ભાંગી પડશો; તેથી વિપરીત સંઘમાં જીવશો, જૂથમાં રહેશો અને કાફલામાં શ્વાસ લેશો તો ગમે તેવી આંધીની સામે અડગ રહી શકશો. તમારું પીઠબળ તમને છેહ નહીં આપે. જ્યારે એકલવાઈ જિંદગી, કોઈના ટેકા અને આધાર વિનાની જિંદગી એક અભિશાપ છે, તમારી નૌકાને મઝધારમાં ડૂબાડી શકે છે. તમારા માળાને કે માળખાને વેરવિખેર કરી નાખી શકે છે. અંતિમ નિર્ણય આપનો છે!!!

આભાર!

**પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

# શ્રી પાટણ જૈન મંડળ

**યોજીત**

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર પ્રેરીત

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન



**હાર્દિક નિમંત્રણ**



શ્રી પાટણ જૈન મંડળ દ્વારા દર વર્ષની માફક પાટણના ભાઈબહેનો, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભભાવનાથી મરીન ડ્રાઈવના વિશાળ પટાંગણમાં, અલ્પાહારની સુંદર વ્યવસ્થા સાથે, સંવત ૨૦૬૮ના નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના આ નિમંત્રણને સ્વીકારી, સ્નેહ સંમેલનમાં સર્વ પરિવારોને સહકુટુંબ પધારવા અમારૂં સ્નેહભર્યું આમંત્રણ છે.

**દિનાંક : રવિવાર તા. ૩૦-૧૦-૨૦૧૧, કારતક સુદ ૪..... સમય : સાંજના ૫-૦૦ થી ૮-૦૦**

**સ્થળ : શ્રી નિકેતન વાટિકા-ગાર્ડન, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૦૨.**

આ મંગલ અવસરે અલ્પાહાર રાખવામાં આવેલ છે.

તા. ક. : **૧. ચૌવિહારની વ્યવસ્થા સાંજે ૫-૦૦ થી રાખેલ છે.**

**૨. નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહિ, જેની સર્વેએ નોંધ લેવી.**

**-: નિમંત્રક :-**

**શ્રી પાટણ જૈન મંડળ - પ્રોગ્રામ સમિતિ**

## સંપાદકીય...

# તપની તેજસ્વિતા + નવપદની આરાધના

પ્રભુચક્રની જેમ ધર્મચક્ર પણ સતત ફરતું રહે છે. તેની સાથે સાથે પર્વચક્ર પણ સતત ફરતું રહે ને સમગ્ર પ્રજાને આનંદ વિભોર કરતું રહે છે. હિંદુ પંચાગ મુજબ **વિક્રમ સંવતનો** છેલ્લો મહિનો એટલે **આસો માસ**.

આ મહિનાની ઉત્સાહથી, ઉત્સુકતાથી રાહ જોનારા અને ખૂબ જ આનંદોલ્લાસથી વધારનારા બે વર્ગ છે. એક છે આજનો **યુવાવર્ગ** અને બીજો છે **આધ્યાત્મિક ભૂમિકા પર પહોંચેલો વર્ગ.** આસો સુદ એકમથી આસો સુદ ૧૦ અને આસો સુદ પૂનમ સુધી આવતો નવરાત્રી મહોત્સવ અને શરદ પૂર્ણિમા. આ ઉત્સવ આજે તો માત્ર ભારતમાં જ નહીં પણ દેશ-વિદેશમાં જ્યાં જ્યાં ભારતીયો જઈને વસ્યા છે તે સૌના માટે ઉમંગ અને ઉત્સાહનું આ પર્વ છે.

નવરાત્રી મહોત્સવ આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતીક છે. શક્તિની અધિષ્ઠાત્રી શ્રી દુર્ગા દેવીના નવ સ્વરૂપોની પૂજાની નવરાત્રીઓનો સમૂહ તે નવરાત્રી.

બરાબર આ પર્વની સાથે જ બીજાં આધ્યાત્મિક વર્ગ માટે ખાસ જૈનો માટે અતિ મહત્ત્વની એવી શાશ્વતી આયંબિલની ઓળી જે નવપદની આરાધનાના વિશિષ્ટ દિવસો છે. તેની શરૂઆત થાય છે આસો સુદ આઠમથી અને પૂર્ણ થાય છે આસો સુદ પૂનમના દિવસે.

**'અરિહંત સિદ્ધ પરમાત્મા જેવા દેવ બીજાં કોઈ છે જ નહિ.**
**જિનધર્મ જેવો આ જગમાં ધર્મ બીજો કોઈ છે જ નહિ;**
**જિનશાસન જેવું આ જગમાં, શાસન બીજું છે જ નહિ.**
**નવકારમંત્રનું શરણ લો છે, મેળવો અમૃતધામ અહીં.'**

હજુ હમણાં તો પર્વાધિરાજ પર્યુષણની આરાધના, તપની સાધના ને શ્રુતજ્ઞાનની અઠ્ઠાઈ જેવી વિવિધ પ્રકારની ઉગ્ર તપસ્યાઓ દેવ, ગુરુની કૃપાથી, પોતાના સંયમના મનોબળથી નિર્વિઘ્ને પૂર્ણ કરી. જૈન શાસનની ગરિમા વધારી તપની તેજસ્વિતા તપસ્વીઓના મુખારવિંદ પર છવાઈ ગઈ. ત્યાં તો આવી ગઈ **નવપદની આરાધના.**

નવપદની ઓળી કરનારાં અનેક ભવ્યાત્માઓ **મયણાસુંદરી** અને **શ્રીપાળ રાજાને** હૃદયમાં ધારણ કરીને, શ્રદ્ધાપૂર્વક આરાધના કરે છે. **નવપદનાં અસંખ્ય ગુણોને પોતાના જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરનાર આરાધક ઉત્તમ કોટિનો શ્રાવક બની રહે છે.**

**શાસ્ત્રોમાં બતાવ્યું છે કે અરિહંત પરમાત્મા જ તીર્થની સ્થાપના કરે છે. જીવોને મોક્ષમાર્ગ બતાવે છે જો અરિહંત ના મળ્યાં હોત તો સિદ્ધ ભગવાનનું સ્વરૂપ સમજી શક્યા ન હોત અને મિથ્યાત્વના ગાઢ અંધકારમાં જ જીવો અટવાઈ જાત. અરિહંત વિના જ્ઞાનનો પ્રકાશ કોણ આપી શકે ?**

આપણાં ભારત દેશમાં વડા પ્રધાન પદ ઉપર વ્યક્તિઓ બદલાતી જાય, પણ દેશ તો એનો એ જ રહે છે. ભારતનું બંધારણ પણ એનું એ જ રહે છે. તેવી જ રીતે જૈન શાસનમાં ગત ચોવીસી, વર્તમાન ચોવીસી, ભવિષ્યમાં આવનારી ચોવીસીમાં તિર્થંકરો બદલાય. પણ શાશ્વત સ્થાને પહોંચાડનાર જૈન ધર્મના સિદ્ધાંતો પાંચ મહાવ્રતો, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ત્યાગ વિ. તો એના એ જ રહે છે.

**ચૈત્ર** અને **આસો** માસમાં આવતી આ શાશ્વતી આયંબિલની ઓળી માટે જૈનોનાં દરેક ફિરકાઓના શ્રાવકો, શ્રાવિકાઓ, સાધુઓ-સાધ્વીજીઓ એમ **ચતુર્વિધ સંઘ આદર, બહુમાન, ભક્તિભાવ અને શ્રદ્ધા રાખે છે. તેથી જ પોતાના આત્મકલ્યાણ માટે નવપદની આરાધનામાં જોડાય છે.**

પંચ પરમેષ્ઠિ ભગવાન, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના નવપદમાં **અરિહંત કેન્દ્ર સ્થાને છે તેની ચારે બાજુ બાકીના આઠ પદો છે. નવપદ વિના બધું સૂનું. ભાવપૂર્વક આરાધના કરવાથી ક્યારેક તો જરૂર તેમાં સ્થાન પણ મળી જાય છે.**

કહેવાનો આશય માત્ર એટલો જ છે કે જ્યારે હિંદુ ધર્મના લોકો નવરાત્રીને **ઉત્સવ** માનીને મોજ કરે છે ત્યારે જૈનો આ પર્વમાં પોતાના આત્મકલ્યાણ માટેનો **મહોત્સવ** માનીને તેને આરાધે છે. **અરિહંત પરમાત્મા પ્રત્યેની આપણી ખુમારી, શ્રદ્ધા, ભક્તિ અને વફાદારી હોય તો 'અરિહંત સમો દેવો નાસ્તિ'... અરિહંત જેવા દેવ દુનિયામાં નથી. તેને નમસ્કાર કરીને સાચા અર્થમાં આપણે આરાધક માત્ર ક્રિયામાં જ ન રહેતા, ભાવ સાથે આરાધક બનીએ. સૌ આરાધકો સુખ-શાતામાં રહેશો. ચિત્તમાં સમતા ધરશો. મનમાંથી મમતા દૂર કરશો તો જ નવપદને પામશો. એ જ અભ્યર્થના.**


☐ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
☐ **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાળા)
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**



## લગ્નસંબંધી

નામ:**પ્રતિક્ષ પ્રવિણભાઈ શાહ**
પિતા: **પ્રવિણભાઈ અમથાલાલ શાહ**
માતા : **વર્ષાબેન**
જન્મ : ૦૧-૦૬-૧૯૮૨. મુંબઈ. ઉંચાઈ : ૫'-૬''
અભ્યાસ : H.S.C.,
જોબ : ઈમીટેશન જ્વેલરી (ઝોડીયાક જ્વેલર્સ) (ઝવેરી બજાર),
મહોલ્લો : સાલવી વાડો, કલાર વાડો, (પાટણ)
મોસાળ : **શરદ જયંતીલાલ સાલવી**
રહેઠાણ : ૪૦૫,અપના કૉ-ઑ. હાઉસીંગ સોસાયટી, જે. પી. નારાયણ રોડ, ભટેવા પાર્શ્વનાથ દેરાસરની સામે, ભાયંદર (વેસ્ટ).
**ફોન : મો. ૯૮૬૯ ૩૬૦૩૪૨. રેસી.: ૨-૫૯૪૮૭૬૫.**
Advt

## લગ્નસંબંધી

**NAME : KUM. CHAITALI JYOTINDRA SHAH**
Father : Jyotindra Jayantilal Shah (Devadawala)
Mother : Dinaben Jyotindrabhai Shah
Date of Birth : 5th July 1980
Birth Place : Mumbai
Height : 5'-0"
Mohallo : Limdi no Pado, Patan
Education : **Diploma in Jewellery Designing**
Job Profile : Working as a Jewellery Designer in M/s. Amore Jewellers Pvt. Ltd.
Res. : C-2/7, Kripa Nagar, Irla, Vile Parle (W), Mumbai-400 056.
Tel. : **26710931 / 9819872663**
Advt

## પ. પૂ. સાધ્વીજી શ્રી સિદ્ધયશાશ્રીજીનો કાળધર્મ

જિંદગી આપની મૃત્યુની ક્ષિતિજને આંબી ગઈ,
અસ્તિત્વના આપના અંતની સ્વીકૃતિ થઈ ગઈ;
અકાળ મૃત્યુની આપને વિભિષિકા સ્પર્શી ગઈ !
યાદ આપની અશ્રુ ખેંચી લાવનારી બની ગઈ !
(સંસારી નામ : **શ્રીમતી ચંદ્રાબેન કિર્તીલાલ શાહ** [મલ્લાતનો પાડો])

- શ્રી પાટણ જૈન મંડળના પૂર્વ પ્રમુખ, દાતાશ્રી અને દીર્ઘદૃષ્ટા મુરબ્બી શ્રી પોપટલાલ ભીખાચંદ શાહ (મલ્લાતનો પાડો)ના પુત્રવધૂ તથા સંસ્થાના ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના ભાભી, સંસ્થાના આજીવન સભાસદ શ્રીમતી ચંદ્રાબેન કિર્તીલાલ શાહ પ. પૂ. સાધ્વીજી શ્રી સિદ્ધયશાશ્રીજી રવિવાર તા. ૧-૯-૨૦૧૧ સંવત્સરી મહાપર્વના રોજ અમદાવાદ મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે. સંસ્થા અવાચક હૈયે જેની સખેદ નોંધ લે છે.
- તા. ૧૩-૬-૨૦૧૦ના રોજ પ્રવજ્યાના પુનિત પંથે પ્રયાણ કરનાર આ ભવ્યાત્માની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા-(વર્ષીદાનનો વરઘોડો) 'જૈન શાસન જયવંતુ વર્તો' 'જૈનમ્ જયતિ શાસનમ્' તથા 'દીક્ષાર્થી અમર રહો'ના ગગનભેદી નારાઓ વચ્ચે શાસનની શોભા વધારી ગઈ.
- શ્રીમતી ચંદ્રાબેનનું તા. ૨૨-૬-૨૦૧૦ના રોજ હિન્દી વિદ્યા ભવન, એસ. કે. સોમાણી હૉલ, મરીન ડ્રાઈવ, મુંબઈ મધ્યે શ્રી પાટણ જૈન મંડળ તથા અન્ય સંસ્થાઓ અને વ્યક્તિ વિશેષો દ્વારા શબ્દોના સાથિયા વડે શાલ, શ્રીફળ અને સન્માનપત્ર દ્વારા બહોળા જન સમુદાય વચ્ચે અભિવાદન કરવામાં આવ્યું.
- મુમુક્ષુ ચંદ્રાબેને રવિવાર તા. ૪-૭-૨૦૧૦ના રોજ રાંદેર રોડ જૈન સંઘમાં સૂરત મુકામે ભગવતી દીક્ષા અંગિકાર કરી.
- શાસન સમ્રાટ નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પ.પૂ. સાધ્વીજી શ્રી પ્રવીણાશ્રીજી મ.સા.ના તેઓ પ્રશિષ્યા થઈ સાધ્વીજી શ્રી સિદ્ધયશાશ્રીજી મ.સા. બન્યા.
- અખૂટ, અતૂટ અને લખલૂટ પ્રેમબંધન અને સુખ સાહ્યબીમાં પત્રાવાલા પરિવારમાં ઉછરેલ શ્રીમતી ચંદ્રાબેન સુસંસ્કૃત માડીના ઉદરમાંથી જન્મતાં જ જીવદયા અને ધર્મના સંસ્કાર પામ્યા.
- સત્કાર્યો અને સજ્જનતાની સુવાસે તેમનું જીવન ધર્મમય બનાવ્યું. જ્ઞાનગંગાની સરવાણીમાં પૂજ્યશ્રી નખશીખ ડૂબેલાં હતા.
- સુકૃત જીવન વિવેક સાથે તેમના જીવનકાળ દરમ્યાન શ્રીમતી ચંદ્રાબેને અનેકવિધ આરાધના આદરી અને ધર્મજ્ઞાનની ગંગોત્રી થકી અનેક આત્માઓને પાવનકારી બનાવ્યા હતા.
- ૧૪ માસનો અલ્પ દીક્ષાપર્યાય પાળી તા. ૧-૯-૨૦૧૧ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

**પુણ્યાત્મા સાધ્વી શ્રી સિદ્ધયશાશ્રીજીનો ગુણાનુવાદ કરતાં સંસ્થા હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પે છે...** □ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ

**પોષ દશમના અઠ્ઠમ તપની સામૂહિક આરાધના તથા પ્રભુભક્તિ મહોત્સવ**

શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ દ્વારા લાભાર્થી શ્રેષ્ઠિ પરિવારોના સહયોગથી માગશર વદ ૯-૧૦ અને ૧૧, તા. ૧૯-૨૦ અને ૨૧ ડિસેમ્બર, ૨૦૧૧ દરમ્યાન પોષ દસમીના સામુહિક અઠ્ઠમ તપ તથા અન્ય ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જિનાલય પરિસર જોગીવાડો પાટણ (ઉ. ગુ.) મધ્યે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પાટણના તેમજ અન્ય બહારગામના આરાધક ભાઈ-બહેનોને અઠ્ઠમ તપની આરાધના કરવા માટે આમંત્રણ પાઠવીએ છીએ. બહારગામથી આવનારા આરાધકો માટે રહેઠાણની તેમજ અન્ય વ્યવસ્થા કરવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેનારા મહાનુભાવોએ તેમના નામો નીચે જણાવેલ વિગતો ભરીને તાત્કાલિક મોકલવા વિનંતી.

આરાધકનું પુરૂં નામ, સરનામું, ટેલિફોન/મોબાઈલ નંબર, ઉંમર અને મૂળ વતન. શારીરિક તકલીફ હોય તો જણાવવી.

પાટણ ખાતે ઉતારાની વ્યવસ્થાની જરૂરત છે ?

ઉપર જણાવેલ વિગતો નીચે જણાવેલ સ્થળે મોકલવી. :

૧. મુંબઈ : ભરતભાઈ બાલુભાઈ શાહ C/o. નિશકેમ ઈન્ટરનેશનલ ૩, ન્યાય મૂર્તિ જી.એમ. વૈદ્ય માર્ગ, (બેંક સ્ટ્રીટ), સ્ટેટ બેંકની પાછળ, ફોર્ટ. મુંબઈ-૪૦૦ ૦૨૩. ટે. નં. મોબાઈલ : ૯૮૧૯૦૩૩૫૯૯.

૨. શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ. જોગીવાડો, પાટણ (ઉ. ગુ.) ટે. નં. ૦૨૭૬૬-૨૨૨૭૨૪.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

૨/બી, મેકર એપાર્ટમેન્ટ, ૨૩૨, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬. **ફોન : ૨૩૬૯૧૧૦૩**

સહર્ષ જણાવવાનું કે મહા મહિનામાં ઉ. પ્ર.ના કલ્યાણકોની ભૂમિ તથા અન્ય તીર્થ સ્થાનોની મોટી ઉંમરના સાધર્મિકોને યાત્રા કરાવવાનું આયોજન કરેલ છે. જેમાં, કાંપિલપુર (શ્રી વિમલનાથ ભગવાનના ચાર કલ્યાણકો), શૌર્યપુરી (શ્રી નેમિનાથ ભગવાનના બે કલ્યાણકો), હસ્તિનાપુર, હરદ્વાર, ઋષિકેશ, આગ્રા આદિનો ૫/૬ દિવસનો યાત્રા પ્રવાસમાં કુલ ૧૮ કલ્યાણકોની સ્પર્શના થશે.

જેના મુખ્ય લાભાર્થી રૂા. ૬૧,૦૦૦ **૧. શ્રીમતી ભગવતીબેન કાન્તિલાલ નાનાલાલ શાહ પરિવાર**, જુહુ/સાલવી વાડો, ૨. **શ્રીમતી જ્યોત્સનાબેન કુસુમચંદ્ર શાહ હસ્તે :રચનાબેન શિરીષભાઈ** પાર્લા/કેશુ શેઠનો પાડો અને રૂા. ૬૧,૦૦૦ **શ્રીમતી મણિબેન અમૃતલાલ જેશંગલાલ શાહ** (પટણી ઑપ્ટિશીયન)-નેપીયન્સી રોડ, ભાભાનો પાડો, **હસ્તે : શ્રી મહેન્દ્રભાઈ, શ્રી બિપિનભાઈ, શ્રી સુરેશભાઈ તથા શ્રી ચંદ્રકાંતભાઈ.**

હજુ બીજા ચાર મુખ્ય લાભાર્થી રૂા. ૬૧,૦૦૦ અને સહાયક લાભાર્થી રૂા. ૩૧,૦૦૦ ની જરૂર હોવાથી લાભ લેવા વિનંતી..

આ યાત્રા પ્રસંગે રૂા. ૨૫,૦૦૦ **શ્રી બાપુબેન કેશવલાલ હેમચંદ તેલીયાવાલા હસ્તે : શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ** મરીનડ્રાઈવ, તરફથી મળેલ છે.

આ સંસ્થા તરફથી ભાયંદર પાઠશાળા ૮ વર્ષથી ચાલી રહી છે તેમાં ભેટ ખાતે રૂા. ૫૦,૦૦૦ **શ્રીમતી કંચનબેન કાંતિલાલ મણિલાલ ઝવેરી-હસ્તગિરી, મણીયાતી પાડો, રૂા. ૧૮,૦૦૦** શ્રી ચિરાગ ચંદ્રકાંત અમૃતલાલ શાહ (પટણી ઑપ્ટિશીયન)-નેપીયન્સી રોડ, ભાભાનો પાડો અને રૂા. ૧૮,૦૦૦ **શ્રી અતુલભાઈ કિર્તીલાલ શાહ**-ચર્ચગેટ, ચોધરીની શેરી તરફથી પ્રાપ્ત થયેલ છે.

**ચંપકલાલ કે. શાહ** - મોબાઈલ : **૦૯૭૫૭૩૦૪૩૯૯** ● ટેલિફોન નંબર : **૨૩૬૯૧૧૦૩.** જા.ખ.

# શતાબ્દી વર્ષના સુવર્ણ પ્રભાતે...

## શ્રી પાટણ જૈન મંડળ આયોજીત શાહપુર ધર્મચક્ર તીર્થ યાત્રા-પ્રવાસ

અગાઉના વર્ષોમાં તલાસરી, શ્રી નાગેશ્વર, **શ્રી પાટણ જૈન મંડળની જીવન સૌરભ સમિતિ** દ્વારા યોજાયેલ તીર્થયાત્રાને અપૂર્વ સફળતા પ્રાપ્ત થયેલ. આ વખતે શાહપુર-ધર્મચક્ર યાત્રા-પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે.

આ તીર્થ યાત્રા-પ્રવાસમાં વધુમાં વધુ ૫૦૦ વ્યક્તિઓની વ્યવસ્થા થઈ શકે તેમ હોવાથી વયસ્કોએ **'વહેલો તે પહેલો'**ના ધોરણે નીચે જણાવેલ સ્થળોએ **સોમવાર, તા. ૧૦-૧૦-૨૦૧૧ થી મોડામાં મોડું બુધવાર, તા. ૧૯-૧૦-૨૦૧૧ સુધીમાં** નિયત માહિતી ફોર્મ મેળવી, ભરી સાથે વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/- જમા કરાવી પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવી લેવું ખાસ જરૂરી છે.

**સૌજન્યદાતા**

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ શાહ (માટલીવાળા)** (કનાસાનો પાડો)

**શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર ગભરૂચંદ શાહ** (ઝવેરીવાડો)

શાહપુરના મૂળનાયક શ્રી આદિશ્વર દાદાની અલૌકિક પ્રતિમા સૌ ભાવિકોના મન હરી લે છે. આવી ચૈતન્ય ભૂમિમાં આપ સર્વેનું અસ્તિત્વ ધર્મમય અને ચેતનવંતુ બની રહે તેવી શુભકામના. સમગ્ર યાત્રા પ્રવાસ બસ દ્વારા થશે, જેનો હંગામી કાર્યક્રમ નીચે મુજબ છે. રોકાણ દરમ્યાન શક્ય તેટલી વધુ સુવિધાઓ પૂરી પાડવાના અમારા પ્રયત્નો રહેશે છતાંય તમારા પૂર્ણ સહયોગની અપેક્ષા અસ્થાને નથી જ.

**પોષ સુદ-૧૧ ગુરૂવાર તા. ૫-૧-૨૦૧૨ મુંબઈથી બસ દ્વારા પ્રયાણ ● પોષ સુદ-૧૨ શુક્રવાર, ૬-૧-૨૦૧૨ રાત્રે મુંબઈ આગમન**

**: નામ નોંધાવવા સંપર્ક :**

**મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬ / ૨૨૮૧૧૨૧૮

**શાખા કાર્યાલય :** ૨, રૂપમ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૬૨. ફોન : ૨૮૭૭ ૬૦૯૦

**શાખા કાર્યાલય :** એ-૨૩ /૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, દહીંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮ ફોન : ૨૮૯૧ ૧૩૦૮

**શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ :**૧૦, વિભાવસુ, તેજપાલ રોડ, વિલેપાર્લે-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૫૭. ફોન : ૨૬૧૧ ૪૧૨૧

**: ખાસ નોંધ :**

૧. યાત્રા-પ્રવાસમાં જોડાનાર પતિ કે પત્ની બેમાંથી કોઈપણ એકની વય ૬૫ વર્ષ કે તેથી વધુ હોવી જરૂરી છે.

૨. શારીરિક રીતે અશક્ત/અપંગ કે ચાલવામાં પડતી મુશ્કેલી કે માંદગી ધરાવનાર વયસ્કોએ અરજી ફોર્મ ભરવું નહિ.

૩. સંજોગવશાત્ કાર્યક્રમમાં ફેરફાર કરવાની તથા કોઈપણ માહિતી ફોર્મનો સ્વીકાર-અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર સમિતિને રહેશે.

૪. કોઈપણ કારણસર યાત્રા-પ્રવાસ આયોજકો દ્વારા રદ થાય તો જ ભરેલી રકમ પરત કરવામાં આવશે.

૫. ૬૧ વર્ષથી ૬૪ વર્ષના વયસ્કો યાત્રા-પ્રવાસમાં જોડાવા ઈચ્છતા હોય તો માહિતી ફોર્મ ભરી શકશે. શક્ય હશે તો જ સમાવેશ કરીશું.

યાત્રા-પ્રવાસની વધુ માહિતી માટે સંસ્થાના મુખ્ય કાર્યાલયનો અથવા નીચે મુજબના સમિતિના હોદ્દેદારોનો સંપર્ક કરવો.

**શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ-૯૮૬૯૬૪૨૫૪૪ ● શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ-૯૩૨૨૨૨૯૪૧૧**
**શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ-૯૮૨૦૦ ૬૪૬૬૮ ● શ્રી જ્યોતિન્દ્ર જયંતીલાલ દેવડાવાળા-૯૮૧૯૭૯૩૦૦૧**


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Financial position as on 31st March 2011 (Rs. In Lacs)**

| | | | |
|---|---|---|---|
| Share Capital | 261.95 | CRAR | 23.42% |
| Reserve Fund | 993.47 | Dividend (proposed) | 12.00% |
| Deposits | 6350.77 | Working capital | 7888.57 |
| Advances | 3170.04 | Net Profit | 74.53 |

**AUDIT CLASS ``A"**

- NO NEW NPA'S SINCE LAST 2 YEARS
- COURTEOUS STAFF AND EFFECTIVE SERVICES

**WE OFFER**

- 1% p.a. over rate of deposit on advances against deposit receipt for borrower OR third party
- Locker facility in both branches ● RTGS/NEFT tie-up Bank of Baroda ● Car loan@11% p.a.
- Housing Loan @ 11% -- upto Rs. 40.00 lacs ● LOAN AGAINST NSC / LIC POLICIES @ 11%
- Line of credit – (Local/ foreign) facility withThe Saraswat Co-operative Bank Ltd.
- Deposit Interest @ 10% p.a. for 1125 days – senior citizen/single deposit @ 10.25% over Rs 15 lacs
- NO TDS DEDUCTION FROM INTEREST PAID/PAYABLE TO THE MEMBERS.
- Extension counter at Nagdevi and branches at Marine Drive and Goregaon

**AS ALWAYS.......................................WE ARE WITH YOU**

(ADVT)

# બાબુ પનાલાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલ:પૂર્વ વિદ્યાર્થીઓને વિનમ્ર નિવેદન

આજથી એક શતાબ્દીથી વધુ સમય પૂર્વે શિક્ષણની જ્યારે આટલી બોલબાલા ન હતી ત્યારે, આવનાર સમયને પોતાની દીર્ઘદષ્ટિથી પૂરેપૂરો પારખી ઉદારદિલ **શ્રેષ્ઠિવર્ય બાબુ પનાલાલ પૂનમચંદજી (જે. પી.) ઝવેરીએ ઈ. સ. ૧૯૦૬**માં એક વિરાટ કદમ ભરીને મુંબઈની સર્વપ્રથમ જૈન સ્કૂલરૂપે **'બાબુ પનાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલ'**ની સ્થાપના કરીને વિરલ ઇતિહાસ સર્જ્યો હતો.

શેઠશ્રીના સુપુત્ર બાબુ શ્રી જીવનલાલ પનાલાલ (જે. પી.) ઝવેરીએ જેનું અનેક ઝંઝાવાતો સામે સફળ રક્ષણ કર્યું હતું અને રાવસાહેબ દત્તાત્રય અનંત તેલંગ જેવા આચાર્યોએ જેને મુંબઈ મહાનગરની 'એ' કક્ષાની શાળા બનાવી હતી. શ્રી રમણલાલ ચી. શાહ જેવા વિદ્યાર્થીઓએ ખૂબ ઉચ્ચતર સામાજિક-સાહિત્યિક નામના મેળવી હતી. આ હાઈસ્કૂલના ધાર્મિક શિક્ષક શ્રી માવજી દામજી શાહે તો શાળાના સેંકડો-હજારો વિદ્યાર્થીઓમાં જૈન ધાર્મિક સંસ્કારોનું સિંચન કરીને તેમના જીવન સંસ્કારિત કર્યા હતા. આવી નામાંકિત અને સંસ્કારશીલ સ્કૂલમાં આપણને સૌને શિક્ષણ સાંપડ્યું છે એ આપણાં સૌનું સદ્‌ભાગ્ય છે.

કાળબળ તથા વિઘ્નભવિતવ્યતાના કારણે કહો કે અંગ્રેજી ભાષાના આક્રમણ સામે ગુજરાતી માધ્યમની સ્કૂલમાં વિદ્યાર્થીઓ આવતાં અટકી ગયાં તે કારણે કહો; આપણી માતૃસંસ્થા સમી એ હાઈસ્કૂલ બંધ કરવી પડી. તેનો રંજ શાળાના ટ્રસ્ટીવર્યો તથા પૂર્વવિદ્યાર્થીઓને રહ્યો.

આપણી હાઈસ્કૂલના વર્તમાન સૂકાની બાબુ શ્રી નરેન્દ્રકુમાર વિજયકુમારજી, પૂજ્યપાદ સમર્થ સંઘનાયક યુગદિવાકર આ. ભ. શ્રી **ધર્મસૂરીશ્વરજી મ.સા.**ના પરમકૃપાપાત્ર પૂજ્યપાદ દર્ભાવતી-તીર્થોદ્ધારક આ. ભ. **શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.** તથા તથા પૂજ્યપાદ સિદ્ધહસ્તસર્જક આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી દર્ભાવતી ડભોઈતીર્થમાં નિર્માણ પામતી **'શ્રી નવપદ સાર્વજનિક હાઈસ્કૂલ'**ની વાત જાણી.

ડભોઈ-ધરમપુરી હાઈવે રોડ ટચ **૫૦ હજાર સ્કવેરફીટના વિશાલ ભૂમિખંડ પર** સ્વતંત્ર રમતમેદાન-કમ્પ્યુટરલેબ-લેબોરેટરી-આધુનિક લાયબ્રેરી વગેરે તમામ સુવિધાસજ્જ શ્રી નવપદ હાઈસ્કૂલ ભવનનું નિર્માણ થયું છે. હાઈસ્કૂલમાં લગભગ **પાંચસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે**. અદ્યતન કેળવણીથી સજ્જ જૈન શિક્ષક શિક્ષિકાઓના ખંતપૂર્વકના શિક્ષણથી હાઈસ્કૂલ શરૂઆતથી જ સમગ્ર ડભોઈમાં અગ્રેસર ક્રમે રહી છે અને તેમાં જૈન ધાર્મિક બાબતોનું જ્ઞાન પણ અપાય છે.

બાબુ પનાલાલ સ્કૂલના શ્રી નરેન્દ્રકુમાર વિજયકુમારજીએ સંસ્થામાંથી માતબર દાન આપીને ત્યાં **'બાબુ પનાલાલ પૂનમચંદ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ'** શરૂ કરાવ્યો. આ ઉપરાંત નવપદ હાઈસ્કૂલના કેટલાક વર્ગખંડો તેમજ લાયબ્રેરી સાથે પણ **'બાબુ પનાલાલ પૂનમચંદ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિભાગ'**નું નામાંકન કરાવ્યું. આ રીતે સમયાંતરે માતૃસંસ્થાને પુનર્જીવિત કરીને શ્રી નરેન્દ્રકુમારજીએ શિક્ષણધારાને જીવંત રાખવાનું મહાન કાર્ય કર્યું છે. આ માટે તેઓને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

પુનર્જીવિત થયેલી આપણી એ માતૃસંસ્થાને નવપલ્લવિત રાખવા કાજે, સહુ પૂર્વવિદ્યાર્થીઓએ યથાશક્તિ આર્થિક યોગદાન આપવા તત્પર થવું જ જોઈએ. એ માટે અમે, પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીઓ-બાબુ શ્રી નરેન્દ્રકુમાર વિજયકુમારજી તથા ડભોઈની શ્રી નવપદ હાઈસ્કૂલ સાથે વાર્તાલાપ કરીને એવી યોજના તૈયાર કરી છે કે બાબુ પનાલાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલના પૂર્વવિદ્યાર્થીઓ રૂા. ૧૧,૧૧૧, રૂા. ૨૧,૧૧૧, રૂા. ૫૧,૧૧૧થી લઈને લાખો રૂપિયા સુધીનું જે પણ દાન આપે તે હાઈસ્કૂલમાં યોગ્ય-મહત્ત્વના સ્થાને તકતીરૂપે અંકિત થશે અને તે **'બાબુ પનાલાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલના પૂર્વવિદ્યાર્થીઓ પુરસ્કૃત શિક્ષણનિધિ'** તરીકે ઓળખાશે. તેમાં દરેક દાતાના વ્યક્તિગત નામો અંકિત થશે.

આ યોજનામાં આપ આપની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરીને સારામાં સારું યોગદાન આપો-અપાવો એવી અમારી નમ્ર વિનંતિ છે. કારમી


**શ્રી પાટણ પાંજરાપોળ** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન : (02766)220203 **સંચાલિત**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલયઃમે. સી. વાડીલાલની કું., ૫૧/૫૩, નાગદેવી ક્રોસ લેન, ૨જે માળે, મુંબઈ-૩. ફોન : 23429012-13 website : www.patanpanjarapole.org

**પાંજરાપોળની વિવિધ સહાય યોજના**

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |

**લાભાર્થીઓના નામ આરસની તક્તી પર લખાશે.**

**લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખાશે.**

અભયદાન થકી પરભવમાં સૌભાગ્ય આરોગ્ય, દિર્ઘાયુ અને ઐશ્વર્ય સંપદા મેળવી શકાય છે.

ગુજરાત સરકારે જાહેરકરેલ ગુજરાત રાજ્યની સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ ● આયકર કાયદા ૮૦જી અન્વયે સંસ્થાને આપેલ દાન મજરે મળે છે

સૌજન્ય : મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ભાંગવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

advt

મોંઘવારીમાં માંડ માંડ જીવન ચલાવતા જૈન સાધર્મિક પરિવારોની કાયમી ભક્તિ થશે અને આપણી માતૃસંસ્થાનું ઋણ અદા થશે. **આ હાઈસ્કૂલ ૧૯૯૧-૯૨ થી રજીસ્ટર્ડ સંસ્થા છે.** એને અપાતું દાન કલમ ૮૦/જી મુજબ કરમુક્ત છે. આ સંસ્થા માટે દાનની રમકનો ચેક/ડ્રાફ્ટ 'જૈન વિદ્યોત્તેજક કેળવણી મંડળ' (Shri Jain Vidyotejak Kelvani Mandal) નામનો એકાઉન્ટ-પેનો આપવો. ચેક કે ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલવા વિનંતી.

**નવપદ સાર્વજનિક હાઈસ્કૂલ**ના નવસર્જનમાં પ્રેરક માતબર દાન આપીને **બાબુ પનાલાલ હાઈસ્કૂલ**ના વર્તમાન ટ્રસ્ટી તેમજ આપણા સહાધ્યાયી **બાબુ નરેન્દ્રકુમાર વિજયકુમારે** આપણી માતૃસંસ્થાને પુનર્જીવિત કરવાનું પ્રસંશનીય અને અનુમોદનીય કાર્ય કર્યું.

અદ્વિતીય સુસંસ્કારમય શિક્ષણધારાને વધુ વેગવંતી તેમજ દીર્ઘદૃષ્ટિથી લાંબા કાળ સુધી સફળ તેમજ સુરક્ષિત કરી શકાય. આપણે બાબુ પનાલાલ જૈન હાઈસ્કૂલના Past Student's Association દ્વારા સુગઠિત મજબૂત પાયા સાથે પારદર્શી, કાર્યલક્ષી અને પરિણામલક્ષી સુયોજિત સંસ્થાપિત કરીએ.

પૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક સાધતાં આ વિચારોને ખૂબ જ પ્રોત્સાહિત સમર્થન મળ્યું. **એની ફળશ્રુતિ એટલે જ આ અપીલની અભિવ્યક્તિનું સાહસ.** આશા છે કે આપ સર્વે આ અભિયાનમાં મદદરૂપ થશો. જેના દ્વારા યથાયોગ્ય શક્તિથી આપણે બધા જ સુસંગઠિત થઈ આપણી માતૃસંસ્થા પ્રતિનું ઋણ અદા કરી શકીએ અને નવી પેઢીને એ અદ્ભુત સંસ્કારોનું સિંચન કરવામાં સહાયભૂત થઈ શકીએ.

હકીકતમાં આવા Association દ્વારા આપણે જૂના મિત્રો મળી શકીએ, પ્રેરણાદાયી શૈક્ષણિક કાર્યો કરી શકીએ, એકબીજાને મદદરૂપ થઈ શકીએ વગેરે હેતુઓથી આ કાર્યમાં પરદેશમાં સ્થાયી થયેલા NRI Past Students નો પણ અમને ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો છે જે આ અતિ શુભ વિચારોને શીઘ્રત્વરાથી કાર્યાન્વિત કરવા પ્રેરી રહ્યા છે.

સંપર્ક : **બાબુ પનાલાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલ પૂર્વવિદ્યાર્થીવૃંદ**
**ચન્દ્રકાંતભાઈ કાંતિલાલ શાહ** મો. ૯૮૨૦૨૯૩૦૨૪ / ૨૩૬૪૨૫૬૬


## MATRIMONIAL

**Name** : **SWAPNIL MILAN SHAH** (Shantinathni Pole)
**DOB :** 8th July, 1985 (2.45 am Baroda) **Ht./Wt.**: 5'5", 70 Kg.
**Education : M.S. in Indutrial Engineering**
from Georgia Tech. , Atlanta City, USA. Status : H-1-B Work Visa.**P. No. 0265 2345471. Mobile :** 9974009877.
**Mother** : Geeta Milan Pannalal Shah (Palejwala) (Baroda)
E-mail : kinchit_shah@yahoo.com advt.
**Comming India in 2nd week of December, 2011**

## લગ્નસંબંધી

**NAME : VIKRAM JAYVANT MAHASUKHBHAI SHAH**
**Mother** : Smt. Sheela. **Mohallo :** Manmohanjini Sheri
**D.O.B. :** 14-10-84, **Time :** 11-55 pm, **Place :** Chennai
**Height :** 5'-9", **Weight :** 90 kgs. Education : **B.E. (ECE)**
**Mosal : Hasmukhlal Chandulal (Palejwala)**
**Residence :** Chennai
Mob.: **09940512975 (044) 42762191**


## મુંબઈ સતત ધબકે છે.

મુંબઈ તો અવિરત ધબકે છે,
સાપોળિયા જેમ કારો સરકે છે!
મંજિલની રાહ કે ચાહ વગર–
મૃતઃપ્રાય માનવીઓ ભટકે છે!

થકાવટ લાચારીમાં અટકે છે,
લાંબા, કાળા ગેસુઓ ઝટકે છે,
આશાઓ અને અવકાશ વગર–
મજબૂરીઓ મસ્તીમાં ભટકે છે!

સૂર્યકિરણો ફરીને ચમકે છે,
બસ, ગાડી, ટેક્ષી, ટ્રેનો સરકે છે,
પાળવા અને પોષવા પરિવાર–
યંત્રવત માનવીઓ બટકે છે!

સ્ટેશને કીડીયારું ઉભરાય છે,
ઑફિસ, કૉલેજે આંખો મટકે છે,
નોકરી, ધંધો, ચોરી, લબાડી બધું–
એકમેકને પામવા છટકે છે!

હસ્તરેખા કરવટો બદલે છે,
કડાકા, ભડાકા, આતંકવાદને–
પગલે, ભ્રષ્ટાચાર જ ભડકે છે,
મહાનગર સતત ધબકે છે!

☐ **મ. ને.**

## સમાજ વિકાસ ફંડ : શુભેચ્છકદાતા (ક્રમશઃ)

- **શ્રી ક્રિશિતભાઈ ભાવેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ,**
  **હસ્તે : શ્રી દેવેન્દ્રભાઈ ભોગીલાલ શાહ, જાકુજીવાળા (તંબોલીવાડો)**

**સમાજ વિકાસ ફંડમાં વાર્ષિક રકમ આવકાર્ય છે**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |


## લગ્નસંબંધી

પાટણ નિવાસી, હાલ : મુંબઈ સ્થિત વિશા શ્રીમાળી જૈન યુવક જન્મ : ૧૯૮૬, ઊંચાઈ : ૫'-૧૦'', B. Com., M.B.A. (Job in Fianance Co. & Buisness) માટે યોગ્ય કન્યાના વડીલો સંપર્ક કરે. (ખેતરવસીનો પાડો) M : 9619599644 advt

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ** ESTD : 1998
**૧૪ વર્ષથી પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**
## અલ્પા મેરેજ બ્યુરો
આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા
સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ : 8080547424 - 9823218746**
સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah@yahoo.co.in
**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** advt.

## સંસ્થા સમાચાર

**● શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ**

**શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી વર્ષમાં શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા**

જૈન સાધર્મિક ભાઈ–બહેનોએ છેલ્લા દશ વર્ષ કે વધુ સમયથી શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી ન હોય તેવાઓને શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરાવવામાં આવશે અથવા યાત્રા કરાવવામાં આર્થિક સહકાર આપવામાં આવશે.

ઈચ્છુકોને પોતાની વિગત છેલ્લી યાત્રા ક્યારે કરી છે તે સાથે જણાવવું. સંપર્ક :**શ્રી ચંપકલાલ કેશવલાલ વિમાવાળા (વાલકેશ્વર)** ફોન : ૨૩૬૯૧૧૦૩. **શ્રી ભૂપેન્દ્રભાઈ મફતલાલ શાહ (વિલેપાર્લે)** ફોન : ૨૬૧૨૪૮૦૩/૨૦૩૨૮૨૭૭

સુકૃતના સહભાગી સ્વ. શ્રીમતી ભગવતીબેન મફતલાલ લક્ષ્મીચંદ શાહ પરિવાર (વિલેપાર્લે...ચોધરીની શેરી)

● શ્રી કેશુશેઠના પાડાના **શ્રી અજીતનાથ ભગવાન**ના દેરાસરની સાલગીરીની ઉજવણી મુંબઈ બહાર કરવામાં આવી હતી.

શનિવાર તા. ૬–૮–૧૧ મુંબઈથી ચાર બસો દ્વારા લોનાવલા થઈ પુના (કાત્રજ) રાત્રિ રોકાણ કરીને રવિવારે તા. ૭–૮–૧૧ના સવારે નવ્વાણુ પ્રકારની પૂજા ભણાવવામાં આવી હતી. આ વર્ષની ઉજવણીનો સંપૂર્ણ ખર્ચનો લાભ મહોલ્લાના શેઠશ્રી જીવણલાલ નાથાલાલ ખાંડવાળા પરિવાર તરફથી કરવામાં આવ્યો હતો. મહોલ્લાના ભાઈઓ તથા ટ્રસ્ટીગણ આ પરિવારનો ખૂબ ખૂબ આભાર માને છે.

### મરીન ડ્રાઈવને આંગણે સિદ્ધિ તપોત્સવ

શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના હૉલમાં બિરાજમાન **પૂ. ગચ્છાધિપતિ આ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તી **પૂ. મુનિશ્રી દેવકિર્તી વિજયજી મ.સા.**ની પ્રેરણાથી આ ચાતુર્માસમાં સિદ્ધિદાયક સિદ્ધિતપની સમૂહ આરાધના અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. જેમાં પાટણ સહિતના ૪૨ ભાઈ-બહેનો જોડાયા હતા, અને એક પણ વ્યક્તિને તપ અધુરું મૂકવું પડ્યું નહોતું. બંને ટાઈમના દરેક બેસણા સંઘમાં જ કરાવવામાં આવતા હતા તથા સામુદાયિક દેવવંદન તથા વિધિ વિધાન આદિ **પૂ. રત્નકિર્તીવિજયજી મ.સા.**ની નિશ્રામાં થતા હતા.

તપની મંગળ પૂર્ણાહુતી નિમિત્તે સાંજી-મંદીનો કાર્યક્રમ, સામૂહિક પૂંજણાનો કાર્યક્રમ, ભાવના, સામુહિક પારણા તથા તપસ્વી બહુમાનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. વિવિધ રચનાઓ, સાંબેલા સહિત શણગારેલ અદ્ભૂત રથયાત્રામાં દરેક તપસ્વીને સુંદર બગી, ગાડી વગેરેમાં બેસાડી વરઘોડાની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી તથા ૭ ઉપવાસ ઉપરના તપસ્વીઓના પારણા સંઘમાં કરાવવામાં આવેલ.

પર્યુષણ દરમ્યાન જ સંઘમાં સુંદર ઉત્સાહનું વાતાવરણસર્જાયું હતું. પર્યુષણ બાદ ૩ દિવસ સ્વામીવાત્સલ્ય સહિત પ્રસંગોની યાદગાર ઉજવણી થયેલ. દરેક કાર્યક્રમોમાં યુવા કાર્યકરોએ રાત-દિવસ જોયા વગર કરેલ સુંદર અને અનન્ય વ્યવસ્થા મરીન ડ્રાઈવ પરિસરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં બે માસના બાળકની બાબાગાડી, લેઝીમ ડાંસ, ટીની-મીની ભૂલકા મંડળ તથા અવનવા વસ્ત્ર પરિધાન સાથે જૈનો તથા જૈનેતરો સાથેની આવી જૈન શાસનની શોભાયાત્રા જોઈ હોય એવો ખ્યાલ નથી. જેની અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

શ્રી પાટણ જૈન મંડળનો હૉલ તથા પરિસર વપરાશ માટે આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## આરાધકોને વિનંતી

પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર નાનીમોટી તપશ્ચર્યા કરી હશે. પ્રથમવાર ક્ષિરસમુદ્ર, અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઇત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૩૦–૯–૨૦૧૧ સુધીમાં મંડળના કાર્યાલયમાં મોકલવી.**

મળેલ તપસ્વીઓની યાદી ઑક્ટોબર માસના અંકમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું. ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહિ, જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

**❑ સંપાદક સમિતિ**




**CONGRATULATION**

Dr. Pravina Shah was professor and head of Neurology at the King Edward Memorioal in India for 19 years.she is the immediate past president of the Indion Epilepsy Association and currently consult at fortis hospitals.

Dr. Shah organized numerous national workshops creating awareness about the psychosocial impect of epilepsy. As President of IEA, she launched a nationwide campaign for Prevention of Epilepsy And Women with Epilepsy.

Dr. Shah has carried out outstanding activities AWARD Winner's ,Hall of Fame maintaiend by IBE and ILAE.

She was invited to receive the award during intenational Epilepsy Congress 2011 held at Rome.

Heartiest Congragulation to Dr.Pravina Shah, from Patan Jain Mandal.

● લીમડીના પાડાના શ્રી અજીતભાઈ જયંતીલાલ શાહને રીઝર્વ બૅંકઑફ ઈન્ડિયાના, ડેપ્યુટી ગવર્નર **ડૉ. સુબીર ગોર્કન**ના હસ્તે એસએમઈ એક્ષેલન્સ એવૉર્ડ ૨૦૧૧ પ્રાપ્ત થયો છે.

એક્ષપોર્ટ ઈમ્પોર્ટના નિષ્ણાંત અને ટ્રેઈનર તરીકેની તેમની કામગીરી બદલ એસએમઈ ચેમ્બર્સ ઑફ કોમર્સ દ્વારા આ પ્રતિષ્ઠિત એવૉર્ડ માટે તેમને અખિલ ભારતીય સ્તરે પસંદ કરાયા હતા.

## ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા સમાજના યુવાવર્ગ માટે દર વર્ષની માફક ચાલુ સાલે પણ મુંબઈના જુદા જુદા વિસ્તાર મુજબની ક્રિકેટ ટીમો વચ્ચે ટુર્નામેન્ટનું ડિસેમ્બર માસમાં આયોજન કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ઈચ્છુક ટીમોએ રૂા. ૨૫૦/- ભરી પોતાનું નામ **તા. ૩૧-૧૦-૨૦૧૧** સુધીમાં મંડળના કાર્યાલય ખાતે નોંધાવવા વિનંતી છે.

**❑ સ્પોર્ટ્સ સમિતિ**

## 'પાટણ પ્રતિબિંબ'ની ઉત્તમ કૃતિઓ માટે જાહેર થયેલાં પારિતોષિકો

શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ'ના માહે ઑગસ્ટ-૨૦૧૦ થી જુલાઈ-૨૦૧૧ સુધીના અંકોમાં પ્રગટ થયેલ લેખો માટેના શ્રેષ્ઠ લેખોનો નિર્ણય નીચે મુજબ લેવામાં આવ્યો છે.

**પ્રથમ : જૈન ધર્મ મહાન કેમ ?**
**લેખક : કુ. કેતા દિલેશભાઈ શાહ**
**અંક : સપ્ટેમ્બર-૨૦૧૦**
**દ્વિતીય : સંબંધોની સાર્થકતા**
**લેખક : શ્રી ઊર્વિ ઝવેરી**
**અંક : જુલાઈ-૨૦૧૧**
**તૃતીય : વસંતનો અંજામ**
**લેખક : શ્રીમતી હંસાબેન નિતીનભાઈ શાહ**
**અંક : નવેમ્બર-૨૦૧૦**

આ નિર્ણય લેખોમાં રહેલી સર્જકતા, મૌલિકતા અને નવીનતાને ખાસ લક્ષમાં રાખી લેવામાં આવેલ છે. નિર્ણાયક તરીકેની સેવા આપવા બદલ જાણીતા સાહિત્યકાર **શ્રી નવીનભાઈ કુબડીયા**ના અમે આભારી છીએ.

પારિતોષિક વિજેતા લેખક ભાઈ-બહેનોને મંડળ તરફથી હાર્દિક અભિનંદન અને તેમની કલમ દ્વારા દેશ, સમાજ અને ધર્મનો હજુ વિશેષ ઉદ્યોત થતો રહે એ જ અભ્યર્થના...

ઉપરોક્ત વિજેતાઓને **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિકથી** તા. ૨૫-૦૯-૨૦૧૧ના રોજ યોજાયેલ શૈક્ષણિક પારિતોષિક વિતરણ સમારંભ સમયે સન્માનવામાં આવશે.

**❑ સંપાદક સમિતિ**

**શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ**-જોગીવાડો, પાટણના ઉપક્રમે જીવદયા-અનુકંપાનો નિઃશુલ્ક કેમ્પ તા. ૨-૧૦-૧૧ના રોજ પાટણ મુકામે આયોજીત કરવામાં આવેલ છે.


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.

એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.

આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ● (જાxખ)

# ઘરની નાર–ઘરની ઢાલ

કહેવાય છે કે **'ગોળ વિના મોળો કંસાર, નારી વિના સુનો સંસાર.'** બચપણ તો લાડકોડમાં માતપિતાની છત્રછાયામાં વીતાવ્યું પણ જ્યારે યૌવનવય આવે છે ત્યારે માતપિતા તે કન્યા માટે મુરતિયા ગોતે છે જો કે આજે તો પ્રેમવિવાહ વધુ જોવા મળે છે. 'દીકરી તો પારકી થાપણ કહેવાય' એટલે યોગ્ય વય થતાં લગ્ન કરી કોડભરી કન્યાને સ્વસુર ઘરે વિદાય કરે છે.

બેન, કૂળવધૂ થઈ કોઈની ઘરદીપીકા બનજે, ઉભય પક્ષ એટલે માતૃ અને સ્વસુર કૂળને દીપાવજે, બેન, સહનશીલ બનજે, મહિયરની માયા છોડી, સ્વસુર ગૃહે, વડીલોની માયા-માન સાચવજે. તું સુખી થવા નહિ પણ સુખી કરવા જઈ રહી છે તેવું વિચારજે. પતિ પ્રત્યે સમર્પણ ભાવ રાખજે. ગમતું તે મેળવવું નહિ પણ જે મળ્યું તેમાં સંતોષભાવ રાખજે. સંતોષી જીવન જ જીવનને પ્રેમભર્યું રાખશે. સાસરાને સ્વર્ગમય બનાવવાનો આ જ કિમીયો છે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનની સમતુલાને ગુમાવીશ નહિ. ધીરજ રાખીશ તો અનુકૂળતા સામી જ આવશે. તર્ક, ટીકા અને નિંદાથી ઘરસંસાર ઉજ્જડ બને. સમર્પણ વિનાના સ્નેહમાં કદી સુવાસ આવે જ નહિ. પારકાને પોતાના કરવા પ્રેમ કરવો જ પડે. પ્રેમ આપશો તો પ્રેમ અવશ્ય મળશે. પૂર્વના સતી ચરિત્રો જુઓ. કેટકેટલું જીવનમાં સહન કર્યું છે પણ કોઈની પાસે ઘરનો કે પતિનો દોષ ન જોતા કર્મને જ દોષ આપે છે.

આજ તો નારી સ્વચ્છંદી તેમ જ સ્વતંત્ર બની ગઈ છે. અનુકરણ અને અહંમના રવાડે ચઢી જઈ ઘરને ઉજ્જડ બનાવ્યું છે. ઘરની ઢાલ ન બનતા વિવેકહીન બની ગઈ છે. મોંઘવારીના નામે ધંધો કરતી થઈ ગઈ છે પણ કરકસર કરતા શીખી નથી. ભારતીય સંસ્કૃતિને નેવે જ મૂકી દીધી છે. પહેલાના જમાનામાં નારી ઘરમાં રહી વડીલોનો, પતિનો, પુત્ર-પુત્રીઓનો પ્રેમ મેળવી શકતી. આજે તો રવિવાર સિવાય સૌની સાથે બેસવાની ય ફુરસદ નથી. સાસુ વહુ બને અને વહુ સાસુ બને તેવો જમાનો આવ્યો છે. સાસુજી ઘરે છોકરાઓ સાચવે અને વહુ સર્વિસ કરે. ફુરસદના સમયમાં ટ્યૂશન કરે તે બરાબર છે, પણ પંખીને જેમ પિંજર ગમતું નથી તેમ આજની નારીને ઘર બંધનરૂપ લાગે છે. પણ ઘર તો થાક્યાનો વિસામો છે. પ્રેમનો વડલો છે. જોકે બધી જ બેનોને આ વાત લાગુ નથી પડતી પણ મુખ્યતાએ મુક્ત જીવન જીવવું છે. બંધન ગમતું જ નથી. નોકરી સારી હોય તો સારૂં નહિ તો શીલ સાચવવું ભારે પડે છે. 'નહીં ઘરના નહીં ઘાટના' એવી જીંદગી થઈ જાય છે. યોદ્ધા પર તલવારના ઘા ગમે તેટલા પડે પણ ઢાલ તેના પ્રાણનું રક્ષણ કરે છે. તેમ આજની નારીએ પ્રતિકૂળતા રૂપી તલવારના ઘા સહનશીલતા રૂપી ઢાલ અંગીકાર કરી ઘરને સ્વર્ગમય બનાવવું જ જોઈએ તો જીવન સર્વાંગ સુંદર બનશે. નારી નારાયણી પણ બની શકે છે અને નારી રામાયણી પણ બની શકે છે. આ પદ તેઓના વર્તન-વિચારને આધીન છે.

**☐ શ્રીમતી ઉર્મિલાબેન ધીરેનભાઈ ઝવેરી**

**વૃદ્ધજન સહાય ભેટ/દવા સહાય ભેટ**

૧,૦૦૧/- શ્રીમતી ઈન્દુબેન હસમુખભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) સ્વ. શ્રી હસમુખભાઈ કાંતિલાલ શાહની ૧૭મી પુણ્યતિથિ નિમિત્તે

**હેલ્થકેર સાધન ભેટ/દવા સહાય ભેટ**

૧૦૦૨/- શ્રી સુરેખાબેન કાંતિલાલ શાહ (મણીયાતી પાડો)ના સિદ્ધિતપ નિમિત્તે

**હેલ્થ કેર સાધન ભેટ**

૧૧૦૦/- શ્રી કપુરચંદ જી. જૈન

૧૧૦૦/- શ્રી ગોવિંદ પ્રસાદ તિબ્રેવાલા

૧૦૦૦/- શ્રી એકાંગભાઈ કિર્તીકુમાર શાહ (વખતજીની શેરી)


## નોકરી ખાલી છે

મરીન ડ્રાઈવ ખાતે આવેલ જિનાલય માટે ફુલટાઈમ ભાઈની જરૂરત છે. કૉમ્પ્યુટરનું તથા એકાઉન્ટનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. સ્થાનિક ભાઈને પ્રથમ પસંદગી. સ્વહસ્તાક્ષર સાથે અરજી કરી રૂબરૂમાં મળો.

**શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ,**

૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ–૪૦૦ ૦૨૦.

સમય : સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦. (જાxખ)


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતમા આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા ઓસવાળ | મારફતિયા મહેતાનો પાડો | ભાનુમતીબેન નલીનભાઈ | ૭૪ | મુંબઈ | ૧૨–૦૮–૧૧ | શ્રાવણ સુદ-૧૪ |
| વિશાપોરવાળ | સોનીવાડો, ઊંચી પોળ | દિલીપભાઈ મહાસુખલાલ શાહ | ૬૨ | અમેરિકા | ૧૬-૦૮–૧૧ | શ્રાવણ વદ-૩ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | બિપીનચંદ્ર ગીરધરલાલ શાહ | ૮૪ | પાટણ | ૧૬–૦૮–૧૧ | શ્રાવણ વદ ૩ |
| વિશા પોરવાળ | અબજી મહેતાનો પાડો | નિરંજનભાઈ ચંદુલાલ શાહ | ૬૩ | મુંબઈ | ૨૧–૦૮–૧૧ | શ્રાવણ વદ ૭ |
| વિશાશ્રીમાળી | શાંતિનાથની પોળ | રમેશચંદ્ર કાંતિલાલ શાહ | ૭૮ | મુંબઈ | ૨૩–૦૮–૧૧ | શ્રાવણ વદ ૯ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | પ્રમોદભાઈ મૂળચંદભાઈ શાહ | ૭૧ | મુંબઈ | ૨૭–૦૮–૧૧ | શ્રાવણ વદ ૧૧ |
| વિશાશ્રીમાળી | મારફતિયા મહેતાનો પાડો | કુસુમબેન તનુભાઈ શાહ (પૂનાવાળા) * | ૮૨ | મુંબઈ | ૨૮–૦૮–૧૧ | શ્રાવણ વદ ૧૪ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી શામળાજીની શેરી | હરસુખલાલ ફત્તેહચંદ શાહ | ૮૬ | મુંબઈ | ૦૨–૦૯–૧૧ | ભાદરવા સુદ ૫ |
| વિશા પોરવાળ | ઝવેરી વાડો | રમીલાબેન મહાસુખલાલ શાહ * | ૭૨ | મુંબઈ | ૦૫–૦૯–૧૧ | ભાદરવા સુદ ૮ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી પાર્શ્વનાથની શેરી | ચંદ્રાવતીબેન કાંતીલાલ શાહ | ૮૨ | મુંબઈ | ૦૫–૦૯–૧૧ | ભાદરવા સુદ ૮ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | પ્રભાવતીબેન ત્રિભુવનદાસ શાહ | ૯૪ | મુંબઈ | ૦૬–૦૯–૧૧ | ભાદરવા સુદ ૯ |
| વિશાઓસવાળ | ફોફલીયાવાડો વખતજીની શેરી | સુશીલભાઈ જયંતીલાલ શાહ | ૫૫ | મુંબઈ | ૦૮–૦૯–૧૧ | ભાદરવા સુદ ૧૧ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | ભૂપેન્દ્રભાઈ મૂલચંદ શાહ * | ૬૮ | મુંબઈ | ૦૮–૦૯–૧૧ | ભાદરવા સુદ ૧૧ |

***ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**

# સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક આર્થિક ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

### મેડિકલ સહાય કોરપસ ફંડ

૧,૦૦,૦૦૦/- શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર પોપટલાલ શાહ(કટકીયાવાડો) સ્વ. શ્રીમતી શાંતાબેન મોતીલાલ શાહના સ્મરણાર્થે

૩૬,૦૦૦/- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ (લખીયારવાડો) શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહની ૯મી પુણ્યતિથિ નિમિત્તે

### શૈક્ષણિક સહાય કોરપસ ફંડ

૨૫,૦૦૦/- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ (લખીયારવાડો) સ્વ. શ્રી અરવિંદકુમાર બાપુલાલ શાહની સ્મૃતિમાં

### વિદ્યાલય ડેવલપમેન્ટ ભેટ

૨,૪૧,૩૩૭/- Share & Care Foundation (USA) (૫,૫૦૦ ડૉલર) વિદ્યાલય કોમ્પ્યુટર લેબ, સાધનો, ફર્નિચર વિ. સુવિધા માટે

### શિક્ષણ સહાય ભેટ

૧૧,૦૦૦/- શ્રીમતી સ્મીતાબેન યોગેશભાઈ શાહ (સોની વાડો) શ્રીમતી પીનલબેન જીગરભાઈ શાહ તથા શ્રી જીગરભાઈ યોગેશભાઈ શાહની સુપુત્રી ચિ. આશીના જન્મ નિમિત્તે

૫,૦૦૦/- શ્રીમતી દીનાબેન અમીતભાઈ શાહ (ડંક મહેતાનો પાડો) ચિ. કૃતિ અમીતભાઈ શાહ Internation CFA Level III પાસ થયાની ખુશાલીમાં

૫,૦૦૦/- શ્રીમતી દીનાબેન અમીતભાઈ શાહ (ડંક મહેતાનો પાડો) ચિ. મિતેશ અમીતભાઈ શાહ B.E. with Electric પાસ થઈ M.S. કરવા U.S.A. ગયા તેની ખુશાલીમાં

૧,૦૦૧/- કુ. સ્નેહાબેન મુકેશભાઈ શાહ (કુંભારીયા પાડો) C.A. તથા C.S.માં પાસ થયાની ખુશાલીમાં

### વૃદ્ધજન સહાય ભેટ

૧૧,૦૦૦/- સ્વ. શ્રીમતી નિર્મળાબેન ચંપકલાલ તેલીયાવાળા (કનાસાનોપાડો)ના આત્મશ્રેયાર્થે હસ્તે : શ્રીમતી શારદાબેન અમૃતલાલ શાહ

૫,૦૦૦/- શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો) ૫૦ મી વર્ધમાન તપ આયંબીલની ઓળી તપશ્ચર્યા નિમીત્તે

### દવા સહાય ભેટ – વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૧૦,૦૦૦/- શ્રી સુરેશભાઈ નેમચંદ શાહ (ગુંદરવાલા) (વાસુપુજ્યની શેરી) હસ્તે : શ્રીમતી સુલોચનાબેન સુરેશભાઈ શાહ, શ્રીમતી ડીનલબેન હિતેશભાઈ શાહ, શ્રીમતી ધરાબેન આકાશભાઈ શાહના સિદ્ધિતપ તથા ચિ. દર્શિતભાઈ હિતેશભાઈ શાહના અઠ્ઠાઈ તપ નિમિત્તે.

### આર્થિક સહાય ભેટ

૫,૦૦૦/- Pratruca Charitable Trust

૧,૦૦૮/- શ્રીમતી પાયલ મીહીર શાહની અઠ્ઠાઈ નિમિત્તે હસ્તે :શ્રી મીહીર પ્રફુલભાઈ શાહ (મણીયાતી પાડો)

૧,૦૦૧/- સ્વ. શ્રીમતી તારાબેન મણિલાલ ગભરૂચંદ શાહની સ્મૃતિમાં હસ્તે : શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ (મણીયાતી પાડો)

૧,૦૦૦/- શ્રી કમલેશભાઈ મહેન્દ્રભાઈ શાહ, ચિ. નિશિધની અઠ્ઠાઈ નિમિત્તે (નિશાળનો પાડો)

૬૦૦/- શ્રી આકાશભાઈ એ. શાહ

### દવા સહાય ભેટ

૨૫૦૧/- શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ (ઢંઢેરવાડો) અ. સૌ. જયશ્રીબેન દિપકભાઈ શાહના ૬૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે

૧૧૦૦/- શ્રી પ્રવિણભાઈ નવિનચંદ્ર શાહ-અઠ્ઠાઈ તપ તથા શ્રીમતી પરેશાબેન પ્રવિણચંદ્ર શાહના આગમ તપ નિમીત્તે (મલ્લાતનો પાડો)

૧૦૦૦/- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ (લખીયાર વાડો) સ્વ. શ્રી અરવિંદભાઈ બાપુલાલ શાહના સ્મરણાર્થે

૧૦૦૦/- શ્રી ભૂપેન્દ્રભાઈ સેવંતીલાલ શાહ (ભાભાનો પાડો) શ્રી ભૂપેન્દ્રભાઈ તથા શ્રીમતી મિનાક્ષીબેનની વર્ષીતપની પૂર્ણાહુતી નિમિત્તે

૫૦૧/- શ્રી અંકીતભાઈ બિપીનભાઈ શાહના અઠ્ઠાઈ તપ નિમિત્તે

૫૦૧/- શ્રી વિકીભાઈ મુકેશભાઈ વોરાના અઠ્ઠાઈ તપ નિમિત્તે

### દવા સહાય ભેટ/વિકલાંગ ઉત્કર્ષ ભેટ/વૃદ્ધજન સહાય ભેટ

૩૩૩૩/- શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ (મણીયાતી પાડો) ચિ. ચાર્મી, ચિ. કાંચી અને ચિ. કૃપાના અઠ્ઠાઈ તપ નિમિત્તે.

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૫,૦૦૦/- શ્રી પારસભાઈ દિપકભાઈ શાહ તથા શ્રી શ્રેણીકભાઈ દિપકભાઈ શાહ(વખતજીની શેરી)

૧,૦૦૦/- શ્રી દિશાંગભાઈ જયમીનભાઈ શાહ (ઢંઢેરવાડો) હસ્તે : શ્રીમતી જ્યોત્સનાબેન એન. શાહ

૫૦૦/- શ્રી મીનાબેન મહેન્દ્રભાઈ શાહ સ્વ. શ્રીમતી કુસુમબેન સેવંતીલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે

**(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૧૦ મું)**

## વાર્ષિક સામાન્ય સમિતિની આગામી સભા વિલેપારલે(ઈસ્ટ)માં

શ્રી પાટણ જૈન મંડળની વાર્ષિક સામાન્ય સમિતિની આગામી સભા **રવિવાર, તા. ૧૬-૧૦-૨૦૧૧ ના સવારે ૧૦-૩૦ કલાકે,** પરિપત્રમાં જણાવેલ કામકાજ માટે નીચેના સ્થળે મળશે, તો તે પ્રમાણે સભાસદોને ઉપસ્થિત રહેવા વિનંતી.

સમાજના મોટાભાગના સભ્યો મુંબઈના પરાઓમાં વસવાટ કરતા હોવાથી, એકાદ મિટીંગ પરામાં રાખવાની લાગણીને ધ્યાનમાં લઈ આ વર્ષની સંસ્થાની વાર્ષિક સામાન્ય સમિતિની સભા વિલેપારલે ખાતે રાખેલ છે, જેની સંસ્થાના સર્વ સભાસદોએ નોંધ લેવા વિનંતી.

**સભા સ્થળ : નવિનભાઈ ઠક્કર સભાગૃહ,**
શ્રદ્ધાનંદ રોડ, વિલેપાર્લે-ઈસ્ટ મુંબઈ-૪૦૦ ૦૫૭.

❑ **માનદ્ મંત્રીઓ** (એડમિનીસ્ટ્રેશન)

PATAN PRATIBIMB • SEPTEMBER 2011 • PRICE Rs. 2/- • Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25 or 26 of every month
Regd. No. MH / MR / South–135 / 2009-11

સુસંસ્કૃત સમાજના સંનિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ,સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય

## શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

### મુખ્યદાતા

- બાબુ પનાલાલ પૂનમચંદ ચેરિટેબલ ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી હસુમતીબેન રમેશચંદ્ર બાપુલાલ શાહ
  હસ્તે : શ્રીમતી મોનીકાબેન સંજયભાઈ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ તથા શ્રીમતી રસિલાબેન હરસુખલાલ શાહ, હસ્તે : શ્રી નિર્મળભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી જયેશભાઈ, અને શ્રી શિરીષભાઈ, લખિયાર વાડો/કનાસાનો પાડો
- શ્રીમતી ગુલાબબેન રમણલાલ શાહ, વખતજીની શેરી
  હસ્તે : શ્રી હિતેનભાઈ પ્રવીણચંદ્ર શાહ
- શ્રીમતી નિર્મળાબેન રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ, ખજૂરીનો પાડો
- શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ હિંમતલાલ શાહ, ડંક મહેતાનો પાડો
  હસ્તે : શ્રીમતી કલ્પનાબેન, શ્રીમતી આશાબેન, શ્રીમતી મીતાબેન
- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હસ્તે : શ્રી જિતેન્દ્રભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ,
  હસ્તે : શ્રી શ્રેણિકભાઈ મનહરલાલ શાહ, લખીયારવાડો
- શ્રીમતી લીલાવતીબેન પનાલાલ મણિલાલ શાહ, વસાવાડો
- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ, ચેરિટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા,હસ્તે: શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
- શ્રી દીપકભાઈ ચંપકલાલ જેશીંગલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

### આધારસ્તંભદાતા

- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
- શ્રી પ્રવીણચંદ્ર વ્રજલાલ શાહ(મંત્રી) હસ્તે શ્રી વિરેશ પ્રવીણચંદ્ર શાહ, કનાસાનો પાડો
- શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હસ્તે : શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, સાલવી વાડો
- શ્રી શાંતિલાલ રીખવચંદ શાહ, કોકાનો પાડો
- શ્રીમતી જિનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,
  હસ્તે : શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
- શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાલા), વાસુપૂજ્યની શેરી
- શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
- શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ, ઢંઢેરવાડો
- શ્રી નવીનચંદ્ર ખૂબચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
- શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે : શ્રી પંકજભાઈ, શ્રી રોહિતભાઈ, શ્રી ભરતભાઈ (મારફતીયા મહેતાનો પાડો)

## SHRI PATAN JAIN MANDAL

### LAND AND BUILDING FUND

સ્વ. શ્રીમતી ગીતાબેન રાકેશભાઈ કાંતિલાલ શાહ રૂા. બે કરોડ

## SHRI PATAN JAIN MANDAL

### REVOLVING FUND

To provide interest free Educational Loan

| DONOR | DONATION In 5 Years |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah**, Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala**, Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund**, Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |

**Target for REVOLVING FUND is Rs. 5 Crore**

For studies in India, Shree Patan Jain Mandal shall provide interest free Educatinal loan up to Rs. 2 lakhs to deserving PATANI sudents for their higher studies and high cost specialised courses.

### મેમોરીયલ ફંડ

**વિલ દ્વારા નોંધાવાયેલ અનુકરણીય –અનુમોદનીય સખાવત**

| દાતાનું નામ | દાનની રકમ અંદાજીત |
|---|---|
| • **શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા,** મનમોહનજીની શેરી | રૂા. ૮ કરોડ |
| • **શ્રીમતી નિર્મળાબેન (દેવીબેન)** શામળાજીની શેરી (ખેતરવસી) સ્વ. શ્રી ધીરજલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે | રૂા. ૧૦ લાખ |

વસિયતનામા (વિલ) દ્વારા મેમોરીયલ ફંડમાં સખાવત કરનાર દાતાની ભાવના અનુસાર, દાનની રકમનો ઉપયોગ મંડળની વિશેષ પ્રવૃત્તિઓમાં કરાશે.

### સહાયકદાતા

- શ્રી જે. કે. શાહ, ભાભાનો પાડો
- શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
- શ્રી કંચનલાલ વાડીલાલ શાહ, મનમોહનજીની શેરી
- શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મણિયાર, ચોધરીની શેરી
- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળની શેરી
- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
- ડૉ. જયંતીલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
- શ્રી ભગવાનદાસ પૂનમચંદ શાહ, હસ્તે : મનીષભાઈ ભગવાનદાસ શાહ (મદ્રાસ), કનાસાનો પાડો
- શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાલા), કનાસાનો પાડો
- શ્રીમતી વિમળાબેન ભોગીલાલ શાહ (જાફુજીવાળા), તંબોલી વાડો
- શ્રી જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ, ભાભાનો પાડો

(ક્રમશઃ પા. નં. ૭)

Edited,Printed & Published by Bhartiben Bhagubhai Shah on behalf of Shri Patan Jain Mandal and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.